# ઋણ સ્વીકાર

મારા વાર્તારસને પોષવામાં મારા દાદીમાનો બહુ મોટો ફાળો છે. બહુ નાનો હતો ત્યારે દાદીમાના મુખે કહેવાયેલી વાતો, વાર્તાઓ સાંભળવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. સાહિત્ય પ્રત્યેનો નાતો મજબૂત કરવામાં ક્યાંક ને ક્યાંક આ વાર્તાઓએ ભાગ ભજવ્યો છે. દાદીમાની એ વાતોનું આજે હું પુન:સ્મરણ કરું છું ત્યારે હું મનોમન ધન્યતાની લાગણી અનુભવું છું. આ ક્ષણે મારાં વંદનીય માતા-પિતા સ્વ. રંભાબેન-કલ્યાણજીભાઈ પણ અભ્યાસકાળ દરમ્યાન મને સતત પ્રોત્સાહન આપતાં રહ્યાં એનું નતમસ્તકે સ્મરણ કરું છું. મારાં મોટાં બહેન પૂ. પાર્વતીબહેન નાથાભાઈ નારિયાએ મને પરાણે નિશાળની વાટ લેવડાવી, એકડો ઘૂંટાવ્યો એનું મારે મન મોટું મૂલ્ય છે. હું કૃતજ્ઞભાવે એ ઘડી યાદ કરી મારાં મોટાં બહેન પ્રત્યે ગૌરવની લાગણી અનુભવું છું.

વાર્તાઓ કહેવાનો અને સાંભળવાનો શોખ નાનપણથી. સાહિત્ય પ્રત્યેની રુચિ ઉચ્ચ અભ્યાસાર્થે આહવા (જિ.ડાંગ) અને વડોદરા (એમ.એસ.યુનિવર્સિટી)ના અભ્યાસકાળ દરમ્યાન વિકસિત થઈ. ઉચ્ચ અભ્યાસ દરમ્યાન સાહિત્ય અને વિષય સંબંધી ચર્ચાઓ દ્વારા મારા સાહિત્યરસને પોષવામાં મારા વડીલ બંધુ અને ગુરુ પ્રિ. હરિભાઈ ઉમરેઠિયાએ મને સતત પ્રોત્સાહિત કર્યો છે. મારી અભ્યાસવૃત્તિને સંકોરવામાં તેઓ મને સતત માર્ગદર્શિત કરતા રહ્યા છે. કોલેજકાળ દરમ્યાન ગુજરાતી વિષયના પ્રાધ્યાપક મહાવીરસિંહ ગોહિલ, પ્રા. પ્રવીણભાઈ પટેલ, પ્રા. કિશોરીબેન ચંદારાણા અને વર્ષાબેન ઠાકરે મને ખૂબ મદદ કરી છે એ બદલ એમનો હૃદયપૂર્વક આભારી છું. મને વડોદરા સુધી આગળ અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ લેવાનું સૂચન કરનાર વર્ષાબેન ઠાકરનો હું હરહંમેશ ઋણી રહીશ. પ્રિ. શ્રીજગદીશભાઈ પંડ્યાએ કપરા સમયમાં મને સતત મદદ કરી છે એનું સ્મરણ કરી એમનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

મારા વડોદરાના નિવાસ દરમ્યાન પ્રો.સિતાંશુ યશશ્ચંદ્ર મને સતત અભ્યાસ પ્રતિ પ્રોત્સાહિત કરી આગળ વધવા માટે સૂચનો કરતા રહ્યા છે, એ બદલ એમનો હું આભારી છું.

વડોદરામાં અનુસ્નાતક કક્ષાએ ગુજરાતી વિષયના પ્રવેશ માટે આવ્યો ત્યારે સૌપ્રથમ પ્રા.લવકુમાર દેસાઈને મળ્યો. એમની સાથે પ્રવેશ બાબતે ઔપચારિક વાત થઈ. હું ખૂબ પ્રભાવિત થયો એમની મારા પ્રત્યેની લાગણીથી. ગુજરાતી વિભાગમાં પ્રવેશ મળ્યા પછી પ્રો.હર્ષદભાઈ ત્રિવેદી, પ્રો. સુભાષભાઈ દવે, પ્રો. સુધાબેન પંડ્યા, પ્રો. શિરીષભાઈ પંચાલ, પ્રો. રમણભાઈ સોની, પ્રો. ભારતીબેન દલાલ, પ્રો. અરુણાબેન બક્ષી, પ્રો. જોસેફ પરમાર, ડૉ. નીતાબેન ભગત, પ્રો. અલ્પાબેન મહેતા જેવા અભ્યાસી અધ્યાપકો પાસે ભણવાનું બન્યું એ બદલગૌરવ સાથે આભાર વ્યક્ત કરું છું. મારી સાહિત્ય પ્રત્યેની રુચિને દ્દઢ કરવામાં આ અધ્યાપકોનો ફાળો બહુ મોટો છે.

મારા ગુજરાતી વિભાગના  પ્રાધ્યાપક મિત્રો પ્રો.જયેશ ભોગાયતા, પ્રો. ભરત મહેતા, પ્રો.રાજેશ પંડ્યા, પ્રો.પુંડલિક પવાર, પ્રો.દીપક રાવલ હંમેશામારા અભ્યાસ બાબતે ખૂબ રસ દાખવતા રહ્યા છે એ બદલ હું એમનો આભારી છું. અનુસ્નાતક અભ્યાસ દરમ્યાન ડૉ .હિરલ શર્માએ મને ખૂબ જ મદદ કરીને મને સતત સૂચનો કરી આગળ વધવામાં ખૂબ ઉત્સાહ દાખવ્યો છે, અત્રે હું એમનો આભાર વ્યક્ત કરું છું.

ઉચ્ચ અભ્યાસ દરમ્યાન મને કેટલાક મિત્રો મળ્યા એને હું ક્યારેય નહીં વિસરું - ડૉ. મયૂર રાઠોડ, ડૉ. રાજેશ મકવાણા, પ્રો. ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા, પ્રો. ડૉ. ભરત પંડ્યા, પ્રિ. ડૉ. બલરામ ચાવડા, ડૉ. સુનિલ જાદવ જેવા મિત્રો સાથેનો પત્રાચાર અને સંવાદોએ મને સાહિત્યપ્રતિ સતત રસ લેતો કર્યો છે એ બદલ હું મારા આ મિત્રબંધુઓનો આભારી છું.

સ્નાતકના અભ્યાસકાળ દરમ્યાન પ્રા. જયશ્રી ચૌધરી અને અનુસ્નાતક દરમ્યાન પ્રા.રતિલાલ રોહિત, અશોક સુતરિયા, અબ્બાસી પાદરિયા, મોહસિન ભૂરાની જેવા તેજસ્વી મિત્રો મળ્યા જેમના પ્રત્યેના સ્પર્ધાભાવથી હું ઘણું વાંચી વિચારી શક્યો, એમનો ઋણી છું.

વર્ષ ૨૦૦૮માં ગ્રન્થાવલોકન નિમિત્તે ભી. ન. વણકરનો ‘વિલોપન’ સંગ્રહ મારા વાંચવામાં આવ્યો. એ વાંચ્યા પછી એનાથી એટલો બધો પ્રભાવિત થયો કે આ જ વિષયમાં આગળ અભ્યાસ કરવાનું નક્કી કર્યું અને પીએચ.ડી.નો આરંભ કર્યો. આ વિષયમાં માર્ગદર્શક તરીકે એક જ નામ ધ્યાનમાં આવ્યું જેમણે દલિત કથાસાહિત્યમાં પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરેલ છે એવા પ્રો.કાન્તિલાલ માલસતરનું. મારા માર્ગદર્શક તરીકેની જવાબદારી એમણે સહર્ષ સ્વીકારી એટલું જ નહીં મને કાયમ માટે અભ્યાસ બાબતે હકારાત્મક રીતે આગળ વધવાનું કહેતા રહ્યા. ખૂબ ધીરજથી મારી આળસને ખંખેરતા ખંખેરતા મને આ મુકામ સુધી લાવનાર મારા માર્ગદર્શક કાન્તિલાલ માલસતરનો હું જેટલો આભાર માનું તેટલો ઓછો છે. કાન્તિભાઈએ મને જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે ત્યારે, અહીં વડોદરા હતા એ દરમ્યાન અને અમદાવાદ ગયા પછી પણ કાયમ પુસ્તકો મોકલતા રહ્યા. વડોદરા જ્યારે આવે ત્યારે મારા માટે પુસ્તકો લેતા આવે. હું લખવાનું છોડી દઉં ત્યારે મને જરૂરી સૂચનો કરી વગર માગ્યે પુસ્તકો મોકલનાર મારા માર્ગદર્શકનો ખંત અને મારા પ્રત્યેની નિષ્ઠાએ જ મને આ કાર્ય પ્રતિ સતત પ્રવૃત્ત રાખ્યો છે. સમયાંતરે મને ફોન કરીને કામ બાબતે પૂછે. હું ફોન કરું ત્યારે એટલી જ ત્વરાથી પ્રત્યુત્તર આપી મને જોઈતું માર્ગદર્શન આપે અને હું જ્યાં અટકું ત્યાં એટલી સરળતાથી મને અભ્યાસ બાબતે માર્ગદર્શિત કરે કે મારું કામ અતિસરળ બની જાય. કાન્તિભાઈએ મને માર્ગદર્શક હોવાની સાથે સાથે માનવીય મૂલ્યોના પાઠ પણ જાણ્યે-અજાણ્યે શીખવી દીધા છે. એમણે મને કરેલી મદદ અને માર્ગદર્શન મારા

માટે અવિસ્મરણીય છે. હું હંમેશા એમનો ઋણી રહીશ. એમની પાસેથી આટલું અને આવું સરળ છતાં ઉત્તમ માર્ગદર્શન મળવું એને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

મારા પરમમિત્ર પ્રા.ભરત પંડ્યાએ મારા રજિસ્ટ્રેશનથી માંડીને, એ પૂર્વે વિષય નક્કી કરવો, પ્રકરણ પાડવા ઇત્યાદિ બાબતોથી માંડીને આ શોધનિબંધ જમા કરું છું ત્યાં સુધી મને સતત મદદ કરી છે. દર ત્રીજા દિવસે ફોન કરીને પૂછે છે કે હવે શું બાકી રહ્યું, કેટલે સુધી આવ્યું? સતત તારીખો આપતા રહે ને હું તારીખો પાડી મોડું કર્યા કરું પણ એમણે ધીરજ ગુમાવ્યા વગર મારા આ કાર્યને આગળ ધપાવવા અવિરત પ્રયત્નો કરાવ્યા છે એનો આનંદ વ્યક્ત કરું છું. નિરાશાની પળોમાં પણ ભરતે મારી શ્રદ્ધાને સતત સંકોર્યા કરી છે. અત્રે એનો આભાર માનું એટલો ઓછો છે. પ્રો.ભરતભાઈ મહેતાએ મને શોધનિબંધનાં શીર્ષક અને પ્રકરણો અંગે જરૂરી સૂચનો કર્યાં છે એ બદલ એમનો આભાર વ્યક્ત કરું છું. ડૉ. ચિમનભાઈ પટેલ અને ડૉ. આનંદ વસાવાએ મને પુસ્તક માટે વખતોવખત મદદ કરેલ છે એ બદલ એમનો આભારી છું.

મારા અભ્યાસમાં સમાવિષ્ટ ચારે સર્જકો તરફથી મને અભૂતપૂર્વ સહકાર મળ્યો છે. મેં જ્યારે જ્યારે પ્રશ્નોત્તરી કે જરૂરી સલાહ માટે ફોન કર્યો છે ત્યારે તેઓએ મને તુરંત મદદ કરી છે એવા ચાર સર્જકો - ભી. ન. વણકર, ધરમાભાઈ શ્રીમાળી, દશરથ પરમાર અને સંજય ચૌહાણનો ઉમદા સહકાર મારા માટે અવિસ્મરણિય સંભારણું બની રહેશે. આ સર્વે સર્જકોનો હું આભારી છું.

મારી પીએચ.ડી. બાબતે સતત ખબર પૂછીને મને પ્રોત્સાહિત કરનાર પ્રો.બિપિન આશર, પ્રો.અંબાદાન રોહડિયા, પ્રો.મનસુખ મોલિયાનો હું આભારી છું. મારાં સંસ્થાના ડાયરેક્ટર ડૉ.શ્વેતા પ્રજાપતિએ પોતે વ્યસ્ત રહી મને આ કાર્ય પૂરું કરવાનો અવસર આપ્યો છે. તેઓ મને સતત લખવા-વાંચવાનું પ્રોત્સાહન આપતાં રહ્યાં છે. હું આ ક્ષણે એમનો આભાર વ્યક્ત કરું છું. મારા સ્ટાફના મિત્રો

નંદકિશોર મિશ્ર, ડૉ.વિપુલ પટેલ મને જ્યારે જરૂર પડી છે ત્યારે મદદ કરવા તત્પર રહ્યા છે. હર્ષલ ભટ્ટે ટાઈપિંગની સંપૂર્ણ જવાબદારી લઈને મારી જવાબદારી ઘણી ઓછી કરી છે. ડૉ.શર્મિલા બાગચી, નેહા સહસ્રભોજની, નીના ભટ્ટ, અમીબેન ભટ્ટ, શાશ્વતી સેન, ચિરાગી શાહ, દિગંબર કાશીકર, પ્રફુલભાઈ, વિજયભાઈ આ બધાં સ્ટાફમિત્રોનો મને સહકાર મળ્યો છે એનો હું કૃતજ્ઞભાવે આનંદ વ્યક્ત કરી આભાર માનું છું.

પરમ આદરણીય પ્રો. સ્વ. રાજેન્દ્ર નાણાવટી સાહેબ મને પીએચ.ડી. બાબતે સતત ટપારતારહ્યા. વંદનીય પ્રો. સ્વ. મુકુંદ લાલજી વાડેકરે મને રજિસ્ટ્રેશન વખતે કરેલી મદદ ક્યારેય નહીં ભુલાય. આ બંને વિદ્વાનોનું હું સાભાર સ્મરણ કરું છું. ડૉ. ઉષાબેન બ્રહ્મચારી અને ડૉ.મીનાબેન પાઠક મને અવારનવાર શોધકાર્ય અંગે પૃચ્છા કરી મારી આળસને ખંખેરતાં રહ્યાં છે. ડૉ.પી.એચ.ઠુંમર સાહેબ, ડૉ. મનસુખ પૉંકિયા સાહેબ પણ આ અંગે અવારનવાર પ્રેરણા પ્રોત્સાહન આપતા રહ્યા છે. આ સૌ વડીલમિત્રોનો આભાર વ્યક્ત કરું છું.

મારા પરિવારના સભ્યો તેમજ પૂ.મોટાભાઈ વિઠ્ઠલભાઈ મને હંમેશા અભ્યાસબાબતે સલાહ આપતા રહ્યા છે. આ ક્ષણે હું મારા સ્નેહી પરિવારજનોનો આભાર વ્યક્ત કરું છું. મારાં જીવનસંગિની કિન્નરી અને મારાં બંને પુત્રરત્ન ચિ. વિવાન-આદિત્યનો સમય ચોરીને મેં આ કામ કર્યું છે પણ આ કામ પૂર્ણ થયાનો મારા કરતાં  તેઓને વધુ આનંદ થશે એની ખાતરી છે. મારાં જીવનસંગિનીએ હું વાંચન-લેખનમાં વ્યસ્ત હોઉં ત્યારે વગર કહ્યે બધી પારિવારિક જવાબદારી પોતાના પર લઈ મને નિશ્ચિંત રાખ્યો એ બદલ એનો આભાર માનીને ન છૂટી શકું. હું ભવોભવ એમનો ઋણી રહીશ. મારો નાનો ભાઈ કાનો-અનુજવધૂ મયૂરી અને ચિ. તર્જનીને પણ આ કામ નિમિત્તે દિવસો સુધી હું મળી શક્યો નથી એ બદલ તેઓ મને માફ કરશે એની પણ ખાતરી છે. મારાં આદરણીય પૂ.સાસુ-સસરા

શ્રીઓધવજીભાઈ સંઘાણી અને ચતુરાબેન સંઘાણી પણ મારા અભ્યાસ બાબતે સતત ચિંતિતિ રહીને મારી પ્રગતિનાં શુભચિંતક રહ્યાં છે. ભાઈશ્રી સુરેશ સંઘાણી અને પંકજ સંઘાણી પણ મારા અભ્યાસ બાબતે રસ દાખવતા રહ્યા છે. આ ક્ષણે હું સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

મારા સહાધ્યાયી હેમલ બ્રહ્મભટ્ટ, રાજેન્દ્ર બાંભણિયા, મનાલી, દિલીપ ધોરિયા, હેમંત પરમારે મને જ્યારે જરૂર પડી છે ત્યારે મદદ કરીને મારા ભારને હળવો કર્યો છે. હું આ બધાં મિત્રોનો આભારી છું. મારા અભ્યાસ બાબતે મને સતત પ્રેરિત કરનાર સન્નારીઓ સુશ્રી ગીતાબેન રાઠોડ, મંજુલાસાગઠિયા, પ્રીતિબહેન પંડ્યા, વનિતાબેન માલસતરનો હું આભાર વ્યક્ત કરું છું.

એમ. એસ. યુનિવર્સિટીમાં હોસ્ટેલનિવાસ દરમ્યાન કેટલાક ખાસ મિત્રો- મનોજ, મનીષ, અપૂર્વ, અતુલ, હિતેન-પરેશ, ઉપેન્દ્ર, દેવેન્દ્ર, વિજય, મનીષ, કૌશિક, બ્રિજેશ, ભાવેશ, ચંદ્રકાંત વગેરેનો સંપર્ક થયો. હોસ્ટેલમાં તો મિત્રો એ જ પરિવારજનો. આ બધા મને સંશોધન ક્ષેત્રે પ્રત્યક્ષ નહીં તો પરોક્ષરૂપે સતત બળ આપતા રહ્યા છે એનો હું સસ્નેહ આભારી છું.

મારા ગોઠિયાબંધુઓ, સ્નેહી મિત્રો ડૉ.પ્રકાશ વેકરિયા અને એડવોકેટ રમેશવેકરિયા મને જ્યારે જરૂર પડી ત્યારે મદદરૂપ રહી મારા સ્નેહમાં ભાગીદાર બન્યા છે એનો આનંદ વ્યક્ત કરું છું.

છેલ્લે પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે જેઓ પણ મારા સંશોધનકાર્યમાં મદદરૂપ થયાં છે એ સૌનો આભાર માની આ કાર્ય માટે તન-મન-ધન, સામર્થ્ય અને અવસર આપી સૌથી વિશેષ મદદરૂપ થનાર ઈશ્વરને સહર્ષ વંદન કરી એમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**જયંતીલાલ કલ્યાણજી ઉમરેઠિયા**

તારીખ: ૨૮-૦૩-૨૦૧૯

સ્થળ: વડોદરા